જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૮/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી ૨૧૩૦/૧૪</u>

**“ અમદાવાદ શહેર વિસ્તારમાં લુંટ તથા ખુનની કોશીષ ગંભીર ગુના કરવા અસંખ્ય ગુના કરવા ઉપરાંત વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખુનના ગુનામાં વોન્ટેડ આરોપી ને મોંઘીદાટ એવી લકઝુરીયસ કારમાં મોટા પ્રમાણમાં ઈંગ્લીસ દારુના જથ્થાની હેરાફેરી કરતાં દરમ્યાન પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ.**

અમદાવાદ શહેરમાં ચોરીછુપીથી ચાલતી દારુ જુગારની બદી સદંતર નેસ્તનાબુદ કરવા સબંધે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓએ આપેલ સુચના અન્વયે ચુસ્તપણે તેમજ દારુબંધીનો અમલ થાય તે હેતુથી સંયુકત પોલીસ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી નાઓના માર્ગદર્શન અને સુચના મુજબ પોલીસ ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી ની ટીમના પોલીસ સબ ઇન્સ.શ્રી ડી.એસ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર માં પ્રવેશવાના ધોરીમાર્ગ ઉપર ખાસ કરી રામોલ વિસ્તારમાં આવેલ સરદારપટેલ રીંગરોડ તથા એક્ષપ્રેસ હાઇવે વિસ્તારમાં સખ્ત પેટ્રોલીંગ તથા નાકાબંધી રાખતા દરમ્યાન પો.કો.રોહિતસિંહને મળેલ ચોકકસ અને આધારભુત બાતમી આધારે વોચ કરતાં વટવા પોલીસ સ્ટેશનના ખુનના ગુનામાં હાલ સુધી નહી પકડાયેલ આરોપી રવી રામચંદ્ર ગુપ્તાઉવ.૨૩, રહે.રુમ નં.૨૬, સોસાયટીની ચાલી, ન્યુકોટન મીલ પાસે,અમરાઇવાડી,અમદાવાદનાઓના કબ્જાની લકઝુરીયસ મારુતી એસએક્ષફોર કાર નં.જીજે ૧ એચપી ૭૬૦૯ માં વગર પાસ પરમીટે જુદી જુદી બ્રાન્ડનો ગેરકાયદેસરનો ઈંગ્લીશ દારુ બોટલો નંગ ૩૫૭, તથા બીયરના ટીન નંગ ૨૬૪ ની કુલ્લે કિં.રુ.૧,૬૩,૫૦૦/૦૦ નો દારુ બીયરનો જથ્થા તથા કાર કિંમત રુ.૪ ૦૦ ૦૦૦/૦૦ તથા ઝડતીના નાંણા રુ.૨૪૦૦/૦૦ મળી કુલ્લે રુપિયા ૫,૬૫,૯૦૦/૦૦ સાથે પકડાઇ ગયેલ હોય તેમજ નાસી જનાર તેની સાથેનો કારચાલક ડ્રાઇવર તથા નહી પકડાયેલ માલ મંગાવનાર સુનીલ ઉર્ફે ગપ્પુ તથા માલ ભરી આપનાર ધર્મજ ચોકડી ખાતેનો ઇસમ વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ દરમ્યાન પોતે અગાઉ મારામારી તથા ખુનની કોશીશ જેવા શરીર સબંધી ગુન્હાઓમાં અમરાઇવાડી, રામોલ, સરદારનગર, ઇસનપુર પો.સ્ટે.માં પકડાયેલ છે તેમજ જાન્યુઆરી ૨૦૧૪ ના માસ દરમ્યાન વટવા પો.સ્ટે.માં લખન નામના ઇસમના ખુન કેસમા સદર આરોપી વોન્ટેડ હોવાનું જણાઇ આવેલ છે.આરોપી અગાઉ પાસા હેઠળ ભરુચ જેલમાં સજા પણ કાપી ચુકેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.